# પ્રેસનોટ
## સેન્ટ્રલ ઝોન
## સુરત મહાનગરપાલિકા

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબનું મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪, નોંધ નં.૪૨૩૯ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૦૨/૦૧/૧૯ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે કોલમના સળિયા, શટરીંગ તેમજ પાંચમાં માળે આશરે ૫૩૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ દુર કરવામાં આવ્યો.

(૨) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૧૧૦૭ + ૧૧૦૮ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનમાં દર્શાવેલ ફેમીલી રૂમમાં હેતુફેરની મંજુરી મેળવ્યા વિના શર્ટર નાખી દુકાન તરીકે ઉપયોગ શરૂ કરતા અગાઉ તા.૨૪/૦૭/૧૮ ના રોજ થી દુર કરવામાં આવેલ. જે બાંધકામ મિલ્કતદાર ધ્વારા મનસ્વીપણે ફરી બાંધકામ કરતા અત્રેથી તા.૦૨/૦૧/૧૯ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત હેતુફેર વાળા બાંધકામ દુર કરેલ છે અને શર્ટર નંગ–૦૪ દબાણ ડેપો ખાતે જપ્ત કરેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોનમાં આવેલ નહેરુ બ્રીજ તરીકે ઓળખાતા પુલના ચોક તરફના એબટમેન્ટને લાગુ બ્રીજના નીચેવાળા ભાગમાં આર.સી.સી.પ્લેટફર્મ બનાવી ગેરકાયદેસર ઉપયોગ થતો અટકાવવા બનાવેલ આર.સી.સી. પ્લેટફર્મ દુર કરવામાં આવેલ.

આવનાર દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવાની કામગીરી ઘનિષ્ટરૂપે ચાલુ રહેશે.

**તા.૦૨/૦૧/૨૦૧૯**

# પ્રેસનોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮–૧૯ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે આજ તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજ મિલ્કતોમાં રીકવરી કરતા લેકવ્યુ એપાર્ટમેન્ટ,ઝાપટી ફળિયું,કતારગામ, શ્રી રામ સોસાયટી,ગુ.હા.બોર્ડ,ગણેશપુરા, અયોધ્યા રો હાઉસ, વેડ રોડ,સુરત, તાપી ઈન્ડ. વેડ રોડ,સુરત, શ્રી રામ એપાર્ટમેન્ટ, વિહાર સોસાયટી સીંગણપોર રોડ, રઘુવીર સોસાયટી કોસાડ, વસ્તાદેવડી રોડ કતારગામ, વિગેરે વિસ્તારમાં મિલ્કતોને સીલ કરવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર રૂા. ૫,૯૬,૫૬૬/– વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી(ઉ.)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાના કામે....

**– મોજે. પાંડેસરા, સી.ઓ.પી. ૧૭, દુકાન નં.૧,૨, રાધેજી વિઝન, મ્યુ. શોપીંગ સેન્ટર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત ખાતે** આવેલ મ્યુનીશીપલ શોપીગ સેન્ટરમાં આવેલ દુકાન નં.૧,૨ ના માલીક ધ્વારા માર્જીનની જગ્યા કવર્ડ કરી વધારાનું બાંધકામ કરી દુકાન કરી દેતા અત્રેથી દુકાનધારકોને ધી.બી.પી.એમ.સી. એકટની કલમ હેઠળ નોટીસ પાઠવી વધારાનુ બાંધકામ દૂર કરવા જણાવતા દુકાનદાર ધ્વારા એડી. સીની. સીવીલ જજજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં.૪૦૧/૨૦૧૬ થી સુરત મહાનગરપાલીકા વિરૂઘ્ઘ દાવો દાખલ કરવામાં આવેલ જે દાવો નામ કોર્ટ ધ્વારા ડીસમીસ કરવામાં આવેલ હતો. ત્યારબાદ ફરીથી મિલકતદાર ધ્વારા મે. સુરતના પ્રિન્સીપલ સીની. સીવીલ જજજ સાહેબની કોર્ટમાં રે.દિમુ.નં.૪૫/૨૦૧૮ થી સુરત મહાનગરપાલીકા વિરૂઘ્ઘ દાવો દાખલ કરવામાં આવેલ જે અન્વયે સદર દાવામાં નામ. કોર્ટ ધ્વારા મનાઈ હુકમ આપવામાં આવેલ ન હોય અત્રેથી આજરોજ તા.૦૨/૦૧/૨૦૧૯ થી સદરહું મિલકતમાં કરવામાં આવેલ વધારાનું બાંધકામ દૂર કરવા જતા મિલકતદારો તથા તેઓના હિતધરાવનારાઓ ધ્વારા ડીમોલીશનની કામગીરીનો વિરોધ કરવામાં આવતા સ્થળ પર પોલીસ બોલાવી પોલીસની હાજરીમાં માર્જીનમાં કરેલ આશરે ૪૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ વધારાનું આર.સી.સી. તથા ચણતરની દિવાલો સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"

વિષય: ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર, સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સુરતના આંગણે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર, સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"નું આયોજન તા.૦૯/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાક થી બપોરે ૨.૦૦ કલાક દરમ્યાન સરિતા સાગર સંકુલ, ક્રિકેટ ગ્રાઉન્ડ, અડાજણ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. ૯મી જાન્યુઆરીની સુવર્ણમયી સવારે તાપી નદીના રમણીય તટે રાજયના માન.મંત્રીશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, આંતર રાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય પતંગબાજોની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથોસાથ બલુનો ગગનમાં વિહરતા કરી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભ કરવામાં આવશે. રાજય સરકાર  વિવિધ કાર્યક્રમો, ઉત્સવો, મેળાઓ વિગેરેનું વર્ષ દરમ્યાન આયોજન કરી ગુજરાતને દેશ તથા વિશ્વમાં ટુરિઝમ ક્ષેત્રે આકર્ષવા અને પોતાની આગવી ઓળખ બનાવવા પ્રયત્નશીલ છે. ત્યારે આ આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલીયા, બેલારૂસ, બેલ્જીયમ, બ્રાઝીલ, બલગરીયા, કંબોડીયા, કેનેડા, ચીલી, ચીન, કોલંબીયા, ક્રોએશીઆ, કુરાકો, એસ્ટોનીયા, ફીનલેન્ડ વિગેરે દેશોના ૪૭ જેટલા ઈન્ટરનેશનલ પતંગબાજો અને ભારતનાં આન્ધ્ર પ્રદેશ, બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, વેસ્ટ બેંગાલ, કેરાલા, રાજસ્થાન અને દિલ્હી સહિત રાજયોના ૩૦ નેશનલ પતંગબાજો મળી કુલ ૭૭ જેટલા નેશનલ–ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો ભાગ લેશે. દેશ વિદેશથી સુરતના આંગણે  પધારેલ પતંગબાજો તેમના વિવિધ આકારોવાળી કાપડ, ફાઈબર ગ્લાસ વગેરેની મહાકાયડ્રેગન, કથકલી જેવી અવનવી ડિઝાઈનવાળા વિશાળકાય અને અવનવા રંગબેરંગી પતંગોથી સુરતનું આકાશ આચ્છાદિત કરશે. આ પ્રસંગે ગુજરાત અને દેશની ઉમદા સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે. રાજય સરકારના સહયોગથી યોજાતા આ આંતરરાષ્ટ્રીય પતંગમહોત્વના સફળ આયોજન માટે વહીવટી તંત્ર દ્વારા જાહેરાતના હોર્ડિંગ્સ લગાડવામાં આવ્યા છે. સરિતા સંકુલ ગ્રાઉન્ડમાં પતંગબાજો માટે અલગ અલગ સ્ટોલ બનાવવામાં આવશે. દેશ–વિદેશથી પધારેલ પતંગબાજોના અવનવા કરતબોને વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે માંણવા શાળા–કોલેજના વિદ્યાર્થીઓ સહિત શહેરના ઉત્સવપ્રેમી નગરજનોને જાહેર નિમંત્રણ છે.

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત** :–

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૬(બમરોલી) તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) માં આવેલ , ફા.પ્લોટ નં.૯૮/એ માં આવેલ કેશવનગર સોસાયટીના પ્લોટ નં.૪૩ થી ૪૬ માં આશરે ૩૫૦ ચો.ફુટ ચણતરની દિવાલ,૨૦૦ ચો. ફુટ આર.સી.સી.તથા ૪૦૦ ચો.ફુટ સેન્ટરીંગ દુર કરવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૬(બમરોલી)માં આવેલ કર્મયોગી સોસાયટી વિભાગ–૩ ના પ્લોટ નં.૧૨૨,૧૨૩માં પાંચ શટર તથા આશરે ૨૦૦ ચો.ફુટ ચણતરનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૩) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૬(બમરોલી)માં આવેલ આશાપુરી સોસાયટી–૨ ના પ્લોટનં.૩૭૨,૩૭૩,૩૭૪ માં આશરે ૨૦૦ ચો.ફુટ નું સેન્ટરીંગ દુર કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## ગાર્ડન ખાતુ
## સોળમો હોર્ટીકલ્ચર ફેર અને ફલાવર શો

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૧/૧૯ થી તા.૨૮/૦૧/૧૯ ના રોજ ૧૬(સોળ) મો હોર્ટીકલ્ચર ફેર અને ફલાવર શો નું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળાના સમયગાળા દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે, તાજા ફુલોની ગોઠવણી (Flower Arrangment), ઔષધિય વનસ્પતિના કુંડા, સુકા ફુલોની ગોઠવણી, ફુલોના ગજરા, બુકે, ફુલોની વેણી, ફુલોના હાર, ફુલોના તોરણ, સલાડ ડેકોરેશન, વિગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે.

તમામ સ્પર્ધાઓ સ્પર્ધકોના ૨ (બે) ગ્રુપ બનાવી કરવામાં આવશે. જેના પ્રથમ ગ્રુપમાં ૧૮ વર્ષ સુધીની ઉમરના તમામ સ્પર્ધકો અને દ્વિતીય ગ્રપમાં ૧૮ વર્ષથી વધુ ઉમરના તમામ સ્પર્ધકો ભાગ લઈ શકશે. પ્રવેશફોર્મ વિના મુલ્યે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરી ખાતેથી રજાના દિવસો સિવાય દરરોજ ઓફિસ સમય દરમ્યાન (સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૫:૦૦ કલાકે) મળી શકશે. ભરેલ પ્રવેશ ફોર્મ તા.૨૨/૦૧/૨૦૧૯ સુધી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરીમાં રૂબરૂ અથવા ફોન ૦૨૬૧–૨૪૭૩૬૩૩ થી સંપર્ક કરવા વિનંતી.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૩૯૯૮,૩૯૯૯, ચોગાન શેરી, સગરામપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ તા.૦૫/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૧૧૮૪ ચો.ફુટ માર્જીન તથા ઓ.ટી.એસ.વાળા ભાગના આર.સી.સી.સ્લેબ, ૧૦ કોલમ તથા આશરે ૨૭૫૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. સદર કામગીરી હાલ ચાલુ છે.

## પ્રેસ નોટ

.......................

### માહે ડીસેમ્બર ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર **૨૦૧૮** દરમ્યાન **૫૧૧૨** ઈન્ડોર તથા **૫૩૭૨૪** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૨૭૮૭ નાના તથા ૮૮૯ મોટા  ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૧૧૮૮** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૫૨૮** અને જુના **૧૫૧૬** દર્દીઓ સહીત કુલ **૩૦૪૪** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૩૫૨** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૬૦૬** તથા આંખ વિભાગમાં **૩૪૨૦** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૮૦૬૯** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા  છે.

૬૬૧

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખુબ જાણીતુ છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે આ પ્રદર્શનમાં પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે. તા.૦૮/૦૧/૨૦૧૯ થી તા.૧૮/૦૧/૨૦૧૯ દરમ્યાન આ પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

## પ્રદર્શનનો સમય

તા. ૮ થી ૧૧ અને ૧૫ થી ૧૮ જાન્યુઆરી,૨૦૧૯ના રોજ સવારે ૯ઃ૩૦ થી સાંજે ૪ઃ૩૦ સુધી
તા.૧૨ તથા ૧૩ જાન્યુઆરી,૨૦૧૯ના રોજ સવારે ૧૧ઃ૩૦ થી સાંજે ૬ઃ૩૦ સુધી
તા. ૧૪, જાન્યુઆરી,૨૦૧૯ના રોજ સાયન્સ સેન્ટર તથા પ્રદર્શન બંધ રહેશે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ગરીબ કલ્યાણ મેળાનું આયોજન તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ,પાલ,સુરત ખાતે શ્રી ઈશ્વરભાઈ પરમાર માન.મંત્રી,સામાજીક ન્યાય અને અધિકારિતા (અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) ગુજરાત રાજયના વરદહ્સ્તે સંપન્ન કરવામાં આવેલ.

સૌ પ્રથમ મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગ્ટય કર્યાબાદ ગણેશવંદનાથી કાર્યક્રમની શરૂઆત કાર્યા બાદ માનનીય નેતા શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે ગરીબ ગરીબ ન રહે તે હેતુથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે.ગુજરાત સરકારનો મુખ્ય હેતુ ગરીબી દુર કરવાનો છે.

પ્રસંગોચિત મંચસ્થ મહાનુભાવોના સ્વાગત બાદ શ્રી ઈશ્વરભાઈ પરમાર માન.મંત્રી,સામાજીક ન્યાય અને અધિકારિતા (અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) ગુજરાત રાજય તથા અન્ય મંચસ્થ મહાનુભાવોના વરદ્હસ્તે વિવિધ યોજનાઓના પ્રતિકાત્મક લાભાર્થીઓને ચેક,ચાવી,કીટ,વિવિધ મશીનરી અર્પણ કરવામાં આવેલ.અને આ યોજનાઓના લાભાર્થીઓ પૈકી કેટલાક લાભાર્થીઓએ ગરીબ કલ્યાણ મેળાના આયોજન થકી લાભ અંગે પોતાનો પ્રતિભાવ આપી સરકારશ્રીની વિવિધ યોજનાઓથી તેમના સામાજીક જીવનમાં પરિવર્તન આવે છે.

માન.ડે.મેયર શ્રી નિરવ.એસ.શાહે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે સરકાર ગરીબો માટે કામ કરી રહી છે.એક જ જગ્યાએ,એક જ તારીખે,તમામ કાર્ડ કે સર્ટિફિકેટ મળી રહે તે હેતુથી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તથા એક જ દિવસે,એક જ સ્થળે કરોડો રૂપિયાની સહાય જરૂરિયાતમંદ ગરીબોને હાથો હાથ મળે તેના માટે આવા ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવે છે.ગરીબ કલ્યાણ મેળાના ૧૦ તબકકા પૂર્ણ કરેલ છે.સમગ્ર ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત કરોડો રૂપિયાની સહાય લાભાર્થીઓને કરવામાં આવે છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧૭ ગરીબ કલ્યાણ મેળા કરવામાં આવેલ છે.૧૩,૦૦૦ કરતા વધારે લાભાર્થીઓને અંદાજીત રૂ.૨૯૫.૩૭ લાખની સહાય અર્પણ કરવામાં આવે છે સમગ્ર વિસ્તારમાં ગરીબ લોકોનો સર્વે કરી તેમની જરૂરીયાત ધ્યાને રાખી તેમને સહાય કરવામાં આવે છે તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ગુજરાત સરકારની આવી કલ્યાણકારી યોજનાઓના આયોજન બદલ સુરત મહાનગરપાલિકા વતી આભાર વ્યકત કર્યો હતો.

માન.ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે અગાઉની સરકાર ધ્વારા ગરીબી દુર કરવાના વચનો અપાયા પણ કામગીરી કરવામાં ન આવી માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબી દુર કરવાના હેતુથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવાની શરૂઆત કરી.આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ૫૦ કરોડ લોકોને આ યોજનાનો લાભ થશે તમામ ગરીબ પરીવારોને ૫ લાખ સુધીની આરોગ્યલક્ષી સહાય પુરી પાડવામાં આવશે.

માન.મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે અગાઉની સરકાર ધ્વારા વિવિધ સરકારી યોજનાઓના લાભ ગરીબો સુધી પહોંચતા ન હતા પરંતુ વર્તમાન સરકાર ધ્વારા વચેટીયાઓને દુર કરી વિવિધ યોજનાઓના લાભો ગરીબો સુધી પહોચાડયા છે. ગુજરાત સરકાર ધ્વારા વર્ષ ૨૦૦૯–૧૦ થી શરૂ કરવામાં આવેલ"ગરીબ કલ્યાણ મેળા" અંતર્ગત વર્ષ ૨૦૧૭–૧૮ સુધી

૧૦ તબકકામાં કુલ ૧૪૯૧  ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે આ આયોજન દરમ્યાન સરકારશ્રી ધ્વારા કુલ ૧.૩૪ કરોડ જેટલા ગરીબ લાભાર્થીઓને રૂપિયા ૨૩,૮૮૯.૬૨ કરોડની સીધી સહાય આપવામાં આવેલ છે.સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૧માં તબકકામાં કુલ ૩૯ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરેલ છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષ ૨૦૦૯–૧૦ થી વર્ષ ૨૦૧૭–૧૮ સુધીમાં ૧૦ તબકકામાં કુલ–૧૭ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૧,૦૩,૯૯૦ જેટલા ગરીબ લાભાર્થીઓના પરિવારોમાં રૂપિયા ૧,૦૯૮.૪૧ કરોડ વિવિધ યોજનાઓ અંતર્ગત સહાયનું વિતરણ કરવામાં આવેલ છે.આજના આ ગરીબ કલ્યાણ મેળામાં ૧૧માં તબકકામાં સુરત ખાતેના ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૧૩,૫૮૯ લાભાર્થીઓને કુલ ૨૯૫.૩૭ કરોડ રૂપિયાની સહાય કરવામાં આવનાર છે વિવિધ યોજનાઓ અંતર્ગત ગરીબ પરિવારોને ઘર મળે તેમની આવક વધે અને તેઓ સ્વાવલંબી બને તે દિશામાં સરકાર પ્રયત્ન કરી રહી છે.માન.વડાપ્રધાન ભારતમાંથી ગરીબી દુર કરવાના સંકલ્પને પુર્ણ કરવા માટે માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ  તે દિશામાં કાર્ય કરી રહયા છે.ગરીબોનું જીવનધોરણ સુધરે અને વિકાસ કાર્યમાં ફાળો આપે  તેવી આશા વ્યકત કરી હતી.

ગરીબ કલ્યાણમેળા– ૨૦૧૯ અંતર્ગત કુલ ૧૩૮૪૨ લાભાર્થીઓને કુલ ૩૨૦૩૫.૭૮ લાખ રૂા.ની સહાય ચુકવવામાં આવેલ હતી. જેમાં સરકારશ્રીના તથા સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોની યોજનાઓ જેવી કે માનવગરીમા યોજના,માનવ કલ્યાણ યોજના,પ્રધાનમંત્રી ઉજજવલા યોજના,નિરાધાર વિધવા સહાય,વૃધ્ધ સહાય, મેયર્સ ફંડ, વિવિધ આવાસ યોજના, ડે–એનયુએલએમ,પિંક ઓટો, કુવરબાઈનુ મામેરૂ, વિદેશ અભ્યાસ સહાય, વિકલાંગ લગ્ન સહાય,કસ્તુરબા પોષણ સહાય,દિકરી યોજના જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓના જીવનધોરણ સુધારવા તથા આર્થિક રીતે પગભર બનવામાં મદદરૂપ થાય તેવા સીધો લાભ આપી''રાજય સરકાર આપને દ્વાર, કલ્યાણ યોજના લાવી અપાર...''ઉકિતને સાર્થક કરી.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ,માન.દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, પ્રેસમીડીયા ના કર્મચારીઓ તથા વિશાળ સંખ્યામાં જાહેર જનતા તથા લાભાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ,પાલ,સુરત ખાતે ગરીબ કલ્યાણ મેળામાં માન.મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર તથા માન.ડે.મેયર શ્રી નિરવ.એસ.શાહ ,માન.ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદી,માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ તથા લાભાર્થી દશ્યમાન થાય છે.



તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ,પાલ,સુરત ખાતે ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થી દશ્યમાન થાય છે



તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ,પાલ,સુરત ખાતેગરીબ કલ્યાણ મેળામાં માન.મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર તથા માન.ડે.મેયર શ્રી નિરવ.એસ.શાહ ,મા.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, I.A.S.,માન.ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદી,માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ ,માન.નેતા શ્રી શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,માન.દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા દીપ પ્રાગ્ટય કરતા દશ્યમાન થાય છે.



તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ,પાલ,સુરત ખાતે શ્રી ગરીબ કલ્યાણ મેળામાં માન.મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર તથા માન.ડે.મેયર શ્રી નિરવ.એસ.શાહ ,મા.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,I.A.S., માન.ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદી,માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ ,માન.નેતા શ્રી શાસક પક્ષ શ્રી ગિરિજાશ કર મિશ્રા,માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ તથા લાભાર્થી દશ્યમાન થાય છે

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭, નોંધ નં.૪૨૬૭, ૪૨૬૮, સુથાર ફળિયું, દિલ્હીગેટ પાસે વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી મેહમુંદભાઈ અબ્દુલ હમીદ શેખ તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૦૮/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૩૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ, ૩૦૦ ચો.ફુટ ચણતર તથા ૬૦૦ ચો.ફુટ પતરાનો શેડ દુર કરવામાં આવેલ છે તથા પાર્કીગ વાળા ભાગમાં દિવાલ દુર કરી પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૪૩૭,૪૩૮/૧,૪૩૮/૨,૪૪૧, રાણીતળાવ, મોટી મસ્જીદની સામે વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી મુમતાઝબાનુ ગુલામરસુલ પોતે અને P.O.A.H of રઝીયાબાનું ગુલામરસુલ અને અન્યો તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૦૯/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે ૫૧૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ, ૨૦૦ ચો.ફુટ ચણતર તથા ૦૨(બે) આર.સી.સી. કોલમ દુર કરવામાં આવેલ છે.

વધુમાં, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૦૯/૦૧/૧૯ ના રોજ શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ તેમજ વોચ એન્ડ વોર્ડ વિભાગના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ રૂસ્તમપુરા રાવણતાડ પોલીસ ચોકીની આજુબાજુનો વિસ્તાર તથા રાવણતાડ પાલીસ ચોકીથી રૂસ્તમપુરા મેઈન રોડ, મોમનાવાડ આંગણવાડીની આજુબાજુ પરથી દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ. જેમાં કુલ્લે બંધ લારી–૦૪ અને અન્ય પરચુરણ સામાન ૦૨(બે) ટ્રક જમા લઈ દંડ પેટે રૂા.૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

:: પ્રેસનોટ ::

## "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"

વિષય : ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર, સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સુરતના આંગણે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"નું આયોજન તા.૦૯/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકથી સરીતા સાગર સંકુલ ગ્રાઉન્ડ, અડાજણ, સુરત ખાતે સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેવા આવેલ આર્જેન્ટીના, ઓસ્ટ્રેલીયા, સ્કોટલેન્ડ, બેલારૂસ, બેલ્જીયમ, બ્રાઝીલ, બલગેરીયા, કંબોડીયા, કેનેડા, ચીલી, ચીન, કોલંબીયા, ક્રોએશીઆ, કુરાકો, એસ્ટોનીયા, ફીનલેન્ડ વિગેરે દેશોના ૪૭ જેટલા ઈન્ટરનેશનલ પતંગબાજો અને ભારતના આન્ધ્ર પ્રદેશ, બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, વેસ્ટ બેંગાલ, કેરાલા, રાજસ્થાન અને દિલ્હી સહિત રાજ્યોના ૩૦ નેશનલ પતંગબાજો મળી કુલ ૭૭ જેટલા નેશનલ–ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો તાપી નદીના રમણીય તટ સરીતા સાગર સંકુલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતેના પ્રવેશદ્વારે આવતાં તેઓનું ઢોલના નાદે, કચ્છી ઘોડી નૃત્યના તાલે, કુમકુમ તિલક અને ફુલોથી ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત આર્ટ ઓફ હાર્ટ સંસ્થાની બાળાઓના ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. સર્જનશ્રી સંસ્થાએ 'ઉડી ઉડી જાય દિલકી પતંગ દેખો ઉડી ઉડી જાય...' કાઈટ સોંગ પર અને આર.એસ.કે.ગ્રુપના 'ચગે ચગે રે પતંગ ગુજરાતનો...'ના ગીત પર ઉપસ્થિત તમામ લોકો ઝુમી ઉઠયાં હતા. સ્વરધ્વનિ કલા વૃંદની બાળાઓએ ગુજરાત ભાતીગળ સંસ્કૃતિની ગાથા રજુ કરતું સપ્તરંગ ગુજરાત અમારૂં નૃત્યએ નેશનલ ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો સાથે ઉપસ્થિત તમામ લોકોના દીલ જીતી લીધાં હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશ–વિદેશના કાઈટીસ્ટો પણ ઉમળકાભેર નૃત્યમાં જોડાતાં આ પતંગોત્સવ એકતાના પર્વ સમો બની રહ્યો હતો. દિપ પ્રાગટય કર્યા બાદ માન.કલેકટર ડૉ. ધવલ પટેલ,આઈ.એ.એસ. દ્વારા મહાનુભાવો તથા આંતરરાષ્ટ્રીય પતંગબાજોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા શહેરની જનતાને આ પતંગ મહોત્સવામાં વધુમાં વધુ જોડાવવા અપીલ કરી હતી.

"આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"માં મંચસ્થ મહાનુભાવો, નેશનલ–ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો તેમજ નગરજનોને માન.મેયર ડૉ.જગદીશ પટેલએ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આયોજીત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯માં ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા દેશ વિદેશથી પધારેલ કાઈટીસ્ટોને આવકારતા જણાવ્યું હતું કે, અન્ય પર્વોને સરહદના સીમાડા નડી શકે પરંતુ પતંગોત્સવને કોઈ સીમાડા નડતા નથી. આપણી આશા, આકાંક્ષા અને સપનાઓ સમા પતંગને કેટલો ઉંચે લઈ શકીએ એ કૌશલ્યને પ્રદર્શિત કરી વિકસાવવા માટે યોજાયેલ આ સુંદર પતંગ મહોત્સવના આયોજન માટે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, જીલ્લા વહીવટી તંત્ર, સુરત અને સુરત મહાનગરપાલિકાનો આભાર માન્યો હતો.

સુરતના આંગણે આવેલ દેશ–વિદેશથી મહેમાન બનીને આવેલ કાઈટીસ્ટો દ્વારા નિદર્શન થનાર પતંગોને શિસ્તબદ્ધ રીતે ગગનમાં વિહરતા નિહાળવા અપીલ કરી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોને બુકે અને પુસ્તકથી જયારે દેશ–વિદેશથી પધારેલ કાઈટીસ્ટોને સંભારણારૂપે મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા.

માન.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ હતું કે, ગુજરાતની વિવિધ સંસ્કૃતિ, ઉત્સવો, મેળા વિગેરેનું વર્ષ દરમ્યાન આયોજન કરી ગુજરાતને દેશ તથા વિશ્વમાં ટુરિઝમ ક્ષેત્રે આકર્ષવા અને પોતાની આગવી ઓળખ બનાવવા રાજય સરકારના સહયોગથી દર વર્ષે સુરતમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશએ સુરત મહાનગરપાલિકા કલા અને સંસ્કૃતિના જતન માટે હંમેશા અગ્રેસર હોય, આ ઉદેશોને સાર્થક કરવા ઉત્સવપ્રિય સુરતીઓને પણ સર્વાંગી વિકાસમાં ભાગીદાર થવા અપીલ કરી હતી. જીવનમાં સ્પર્ધા, હારજીત, ખેલદીલી વિગેરે જેવા ગુણોને વિકસાવતો આ એક પર્વમાં સહભાગી થવા સાથે મકરસંક્રાતિની શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે દેશ વિદેશથી પધારેલ કાઈટીસ્ટોએ દેશની ઉમદા સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમને વખાણ્યો હતો.

આ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા બદલ ડે.મેયરશ્રી નિરવ એસ. શાહએ મંચસ્થ મહાનુભવો, કાઈટીસ્ટો તથા જાહેર જનતાનો આભાર માન્યો હતો. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ત્રિરંગી બલુનને ઊંચા ગગનમાં વિહરતા કરી દેશ વિદેશથી પધારેલ પતંગબાજોને તેમની ભાતીગળ પતંગોનું નિદર્શન કરવા આમંત્રિત કર્યા હતા.

શિયાળાની ફુલ ગુલાબી ઠંડી અને સુવર્ણમયી સવારે સુરતના મહેમાન બનેલા દેશ વિદેશ પતંગબાજોએ ડ્રેગન, ફીશ, પેન્ડી મોન, કાંગારૂ, ડેલ્ટા, બાજ, સ્કેલટોન જેવા વિશાળકાય તથા મિનીઆર્ચર પતંગો ઉડાડી લોકોને આશ્ચર્યચકીત કર્યા હતા. જેમાં સૌથી મહાકાય પતંગ ૫૦ મીટર અને ૨૦ કિલો વજન ધરાવતો પતંગ ચાઈનાના પતંગબાજ દ્વારા ઉડાવવામાં આવ્યો હતો. દેશના કાઈટીસ્ટોએ સ્થાનિક પરંપરાને ઉજાગર કરતા ધાર્મિક થીમ પર પતંગને પોતાની કળા અને કૌશલ્યથી ચગાવી લોકોને અચંબિત કર્યા હતા. આમ સુરતના આંગણે યોજાયેલ આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિશાળ કદથી લઈ નાનામાં નાના વિવિધ આકાર અને ડિઝાઈનના ભાતીગળ પતંગોની ડિઝાઈનોથી સુરતનું આકાશ આચ્છાદિત થતાં તથા મહોત્સવમાં 'ગુજરાતી–હિન્દી ગીતોના ગુલદસ્તા'ના કરાઓકે કાર્યક્રમમાં ગુજરાતી ગરબાઓના તાલે શહેરીજનો ઝુમી ઉઠતાં સુરતના લોકો માટે નવિન નજરાણું બની રહ્યો હતો. સુરતની સ્વાદ પ્રિય જનતા માટે ખાણી–પીણીના સ્ટોલોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, શહેર ભાજપ પ્રમુખશ્રી નિતીનભાઈ ભજીયાવાલા, શાસક પક્ષના દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ઉત્સવ પ્રેમી નગરજનો, શાળા–કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાઈટ ફેસ્ટીવલને મનભરીને માણ્યો હતો.

સમાચારયાદી નં.૬૬૫, તા.૦૯/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



સુરત મહાનગરપાલિકા, ગુજરાત ટુરીઝમ અને જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે તા.૯/૧/૨૦૧૯ના રોજ સરીતા સાગર સંકુલ ગ્રાઉન્ડ ખાતે આયોજીત "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"માં ઉડે ઉડે રે પતંગ ગુજરાતનો.. સાંસ્કૃતિક કૃતિમાં કૃતિ રજુ કરતા કલાકારો સાથે આંતરરાષ્ટ્રીય પતંગબાજો દ્રશ્યમાન છે.



સુરત મહાનગરપાલિકા, ગુજરાત ટુરીઝમ અને જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે તા.૯/૧/૨૦૧૯ના રોજ સરીતા સાગર સંકુલ ગ્રાઉન્ડ ખાતે આયોજીત "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"માં કળા અને કૌશલ્યથી પતંગબાજીનું નિદર્શન કરતા દેશ વિદેશના પતંગબાજો અને તેને નિહાળતા નગરજનો દ્રશ્યમાન છે.



સુરત મહાનગરપાલિકા, ગુજરાત ટુરીઝમ અને જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે તા.૯/૧/૨૦૧૯ના રોજ સરીતા સાગર સંકુલ ગ્રાઉન્ડ ખાતે આયોજીત "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"માં આંતરરાષ્ટ્રીય પતંગબાજોને મોમેન્ટો આપી સન્માનિત કરતા માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલ, માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ., કલેકટર ડો. ધવલ પટેલ,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, શાસક પક્ષના દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.



સુરત મહાનગરપાલિકા, ગુજરાત ટુરીઝમ અને જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે તા.૯/૧/૨૦૧૯ના રોજ સરીતા સાગર સંકુલ ગ્રાઉન્ડ ખાતે આયોજીત "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯"નો દિપ પ્રગટાવી શુભારંભ કરાવતા માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલ, માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ., કલેકટરશ્રી ડો.ધવલ પટેલ,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, શાસક પક્ષના દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૮મો રાષ્ટ્રીય પુસ્તક મેળો"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાનાર સ્પર્ધાઓ / કાર્યક્રમ બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૮મો રાષ્ટ્રીય પુસ્તક મેળા"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે અને સાંજે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત પુસ્તક મેળાના સેમિનાર હોલમાં યોજાનાર વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો**

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા / કાર્યક્રમ | |
|---|---|---|---|
| | | બપોરે ૩.૦૦ કલાકે | સાંજે ૭.૦૦ કલાકે |
| ૧ | ૨૪/૦૧/૨૦૧૯ ગુરૂવાર | ઉદ્દઘાટન વિધિ (સુચિત સમય સવારે ૧૦.૦૦ કલાકે) | ગ્રૂપ ડિસ્કશન કોમ્પીટીશન (ધો.૫ થી ૧૨) |
| ૨ | ૨૫/૦૧/૨૦૧૯ શુક્રવાર | રંગપુરણી સ્પર્ધા (ધો.૧ થી ૪) | જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશન (ધો.૮ થી ૧૨) |
| ૩ | ૨૬/૦૧/૨૦૧૯ શનિવાર | — | દેશભક્તિ આધારિત ગ્રૂપ ડાન્સ કોમ્પીટીશન (ધો. ૫ થી ૧૨) |
| ૪ | ૨૭/૦૧/૨૦૧૯ રવિવાર | સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા (ધો.૫ થી ૧૨) | યોગા શો |
| ૫ | ૨૮/૦૧/૨૦૧૯ સોમવાર | ચિત્રકામ સ્પર્ધા (ધો.૯ થી ૧૨ અને ખુલ્લો વિભાગ) | ઓરકેસ્ટ્રા |

ઉપરોક્ત તમામ સ્પર્ધાઓમાં ભાગ લેવા અંગેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 279) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૨૨/૦૧/૨૦૧૯ સુધી પરત કરવાના રહેશે. આ સ્પર્ધાઓના ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

# :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૯ના રોજ યોજાનાર સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ.**

**સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મકકાઈ પુલ, સુરત ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા.૧૨ જાન્યુઆરી ૨૦૧૯ની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદના સૂત્રોને રજુ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવશે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને નગરજનો દ્વારા સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.**

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૦/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કુલ ૨૬ સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૧૮ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | વિસ્તારા પ્રિમિયમ સ્ટોર | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | ફુડ કન્ટ્રી(પીઝો રીટો) | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | ભાજી સ્ટોર | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | સમૃધ્ધિ સ્પાઈસ | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૫. | રવી કિચન | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૬. | યશ ચીકન સેન્ટર | ટી પોઈન્ટ, વી.આર.મોલની સામે, ડુમસ રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | ૩૬૫ કીચન | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૮. | સુરતી સ્પાઈસ | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૯. | કૈલાશ ફુડ | ધ પાર્ક, એસ.વી.એન.આઈ.ટી. સામે, ડુમસ રોડ, પીપલોદ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૦. | એગ્સ કાફે | વી.આર.મોલની સામે, ડુમસ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૧. | કબાબ કોર્નર | વી.આર.મોલની સામે, ડુમસ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૨. | ટી– ટોન | વી.આર.મોલની સામે, ડુમસ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૩. | માધવ ચાઈનીઝ એન્ડ ફાસ્ટફુડ | વાસ્તુ લકઝુરીયા હબની સામે, ડુમસ રોડ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૪. | ફેમસ પીઝા | વાસ્તુ લકઝુરીયા હબની સામે, ડુમસ રોડ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૫. | સોલ્ટ એન્ડ પેપર્સ | વાસ્તુ લકઝુરીયા હબની સામે, ડુમસ રોડ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૬. | બંદુ ચીકી ભંડાર | મોમના ચાલ, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૭. | અંબે દાના ચના | મોમના ચાલ, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૮. | ઓમ પ્રકાશ ગુપ્તા | આનંદ નગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૯. | સાંવરીયા સ્ટોર | આનંદ નગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૦. | સાવિત્રી પ્રોવીઝન સ્ટોર | સંજયનગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૧. | ખુશી કશિયાણા સ્ટોર | સંજયનગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૨. | અશ્વ યુગલ બેકરી | સંજયનગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૩. | યા ઘૌષ્ત બેસ્ટ હોટલ | સંજયનગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૪. | ગરીબ નવાઝ હોટલ | સંજયનગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૫. | હમઝા કરીયાણા એન્ડ બેકરી | સંજયનગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૬. | મિઝાન કરીયાણા સ્ટોર | સંજયનગર, ઉમરવાડા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૬(મહિધરપુરા), નોંધ નં.૧૫૪૩,મણિયારા શેરી, મહિધરપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૦/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૮૩૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા ૩૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૬ (પાલ) માં આવેલ નિશાલ સર્કલ પાસે તા.૦૯/૦૧/૨૦૧૯ના રોજ એરટેલ કંપની ધ્વારા એચ.ડી. પધ્ધતિથી કેબલ નાંખતા સમયે સુરત મહાનગરપાલિકાની પાણીની નળીકાને નુકશાન કરવામાં આવેલ જેથી પશ્ચિમ ઝોન (રાંદેર) ધ્વારા રૂા.૫૦,૦૦૦/– દંડ વસુલવા નોટીસ પાઠવવામાં આવેલ તથા ઈજારાદારનું મશીન જપ્ત કરેલ. જે અન્વયે તા. ૯/૦૧/૨૦૧૯ ના રોજ રૂા.૫૦,૦૦૦/– દંડ પેટે વસુલ લેવામાં આવેલ.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના રોડ વિભાગના ડેપ્યુટી ઈજનેર/જુની ઈજનેર/ સુપરવાઈઝર ધ્વારા સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

# **<u>પ્રેસનોટ ::—</u>**

સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા જાહેર સલામતીને ધ્યાને લેતા ફાયર અને ઈમરજન્સી વિભાગનાં વિભાગીય વડા મે. ડે.કમિશ્નરશ્રી (ડી.) ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

તા.૧૦/૦૧/૨૦૧૯નાં રોજ સુરત શહેરનાં અમરોલી સાયણ વિસ્તારમાં આવેલ ક્રોસ રોડ શોપીંગ સેન્ટરમાં આવેલ વિવિધ પ્રકારની દુકાન / હોસ્પિટલ/ મેડીકલ કેર સેન્ટરોમાં ફાયર ફાઈટીંગ સીસ્ટમ ન હોવાનું જણાયેલ.

જાહેર સલામતીને ધ્યાને લઈ નીમ્નલિખિત કલીનીક, લેબોરેટરી , ડ્રગ હાઉસ, અને દુકાનો મળી કુલ—૪૬ ને ફાયર સેફટી સીસ્ટમ ઉપલબ્ધ ન હોવાનાં કારણે સીલ કરવામાં આવેલ.

**(અ) કલીનીક, લેબોરેટરી, ડ્રગ હાઉસની યાદી**

| | |
|---|---|
| ૧ | કાકડીયા સ્કીન એન્ડ કોસ્મેટીક કલીનીક |
| ૨ | ઈમ્પ્રેસન ડેન્ટલ લેબોરેટરી |
| ૩ | શ્રીજી પેથોલોજી લેબોરેટરી તથા દાતનું દવાખાનું |
| ૪ | ખુશી ડ્રગ હાઉસ |
| ૫ | સ્તુતી ફિઝીયો કેર |
| ૬ | લોટસ ડ્રગ્સ એન્ડ કેમીકલ |

**<u>(બ) દુકાનની યાદી :—</u>**

| | |
|---|---|
| ૧ | મેંગો સોડા આઈસ્ક્રીમ |
| ૨ | સ્ટાર પાનવાલા |
| ૩ | ડાયારામ પાન એન્ડ કોલ્ડ્રીંકસ |
| ૪ | સાંઈ કદમ ફુટવેર |
| ૫ | ચામુંડા ટ્રેડર્સ |
| ૬ | દેવ સ્ટેશનરી |

| | |
|---|---|
| ૭ | U GLONNE VIVO |
| ૮ | ભાટીયા મોબાઈલ |
| ૯ | સેમસંગ ઓપો ફોન |
| ૧૦ | અમિત જવેલર્સ |
| ૧૧ | મહાદેવ ફેશન |
| ૧૨ | ONLY MOBILE |
| ૧૩ | હનુમંત મેડીસીન |
| ૧૪ | COLOR'S FASHIN HUB |
| ૧૫ | EVER SHINE COSMTIC |
| ૧૬ | SOCIOL GROUP EMPIRE |
| ૧૭ | MOBILE'S GADGET |
| ૧૮ | વર્ધમાન ફેશનવેર |
| ૧૯ | ભવાની મેડીકલ એન્ડ જનરલ સ્ટોર |
| ૨૦ | SAMSUNG SMART PLAZA |
| ૨૧ | ASOPALAV ENTERPRISE |
| ૨૨ | શ્રી ચામુંડા ટ્રેડર્સ |



| | |
|---|---|
| ૨૩ | ઓમ મોબાઈલ ગેલેરી |
| ૨૪ | યશ ડીજીટલ સ્ટુડીયો |
| ૨૫ | એમ.એસ. બ્યુટીપાર્લર |
| ૨૬ | ન્યુટ્રીશન સેન્ટર |
| ૨૭ | કંપેનીઓ વેલનેસ સેન્ટર |
| ૨૮ | શિવ ડીજીટલ ગ્લો સાઈન |
| ૨૯ | વિવેક ચશ્મા ઘર |
| ૩૦ | ડીજીટલ ફાયનાન્સ |

| | |
|---|---|
| ૩૧ | કર્લસ પબ્લીસીટી |
| ૩૨ | રાજમંદિર રેસીડન્સી |
| ૩૩ | વી.એસ. કોમ્પ્યુટર કેર |
| ૩૪ | સ્માર્ટ ફેકટરી |
| ૩૫ | સ્માર્ટ ફેશન હબ |
| ૩૬ | પ્રાચી સેન્ટર પ્રાઈઝ |
| ૩૭ | ડેટા ડોકટર આઈ.ટી. સર્વિસ |
| ૩૮ | શ્રી રાધે માર્કેટીંગ |
| ૩૯ | બંધ દુકાન નં. ૨૦૧ |
| ૪૦ | બંધ દુકાન નં. ૨૦૮ |

જાહેર સલામતીને ધ્યાને લઈ નીમ્નલિખિત કુલ– ૦૫ હોસ્પિટલ, થેરાપી સેન્ટરમાં ઈન્ડોર પેશન્ટ હોય, આઈસીયુ આવેલ નિયત સમયમાં ફાયર ફાઈટીંગ સીસ્ટમ ઉપલબ્ધ કરાવી લેવા ફરીથી નોટીશ આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧ | બંસરી હોસ્પિટલ એન્ડ આઈસીયુ |
| ૨ | નિરામય સર્જીકલ હોસ્પિટલ એન્ડ લેપ્રોસ્કોપી સેન્ટર |
| ૩ | આરૂષી ઓર્થોપેડીક થેરાપી |
| ૪ | વિનાયક ફીઝીયો થેરાપી |
| ૫ | ક્રિષ્ણા આંખની હોસ્પિટલ |

ઉપરોકત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લેતા હાથ ધરવામાં આવેલ છે.






બ્યુટી પાર્લર


શ્રી
राज मंदिर
દુકાન

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ–વેસ્ટ(અઠવા)
# અખબારી યાદી

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮–૧૯ના મ્યુનિસિપલ મિલકતવેરાની ઘનિષ્ઠ વસુલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે પાર્લે પોઈન્ટ, ઘોડદોડ રોડ, ઉધના મગદલ્લા રોડ તથા ભટારમાં આવેલ કુલ ૭૩ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે, અને સ્થળ પર રૂા.૨૦,૭૧,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ ઈકોતેર હજાર પુરા)જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

# **પ્રેસનોટ**

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮–૧૯ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે આજ તા.૦૯/૦૧/૨૦૧૯ ના રોજ મિલ્કતોમાં રીકવરી કરતા ગુરુકૃપા સોસા.ઉત્રાણ,રતિ પાર્ક સોસા.લાલદરવાજા,૯૯ શોપીંગ સેન્ટર સાયણ મેઈન રોડ,નિલકંઠ ઈન્ડ.વિ–૧ વેડરોડ વિગેરે વિસ્તારમાં ૪૩ મિલ્કતોને સીલ કરવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર રૂા. ૩,૮૩,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

૬૭૪

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઈ રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરિડોર મળીને આશરે દૈનિક ૧,૦૫,૦૦૦ થી વધુ પેસેન્જરો તેમજ સીટીબસ ના કુલ ૩૨ રૂટ ઉપર આશરે દૈનિક ૧,૦૦,૦૦૦ પેસેન્જરો મળી કુલ ૨,૦૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે.

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે, જેને ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નવા બે રૂટ તા. ૧૧/૦૧/૨૦૧૯ ના રોજથી શરૂ કરવામાં આવનાર છે. જે મુજબ પ્રથમ રૂટ રેલ્વે સ્ટેશન (EAST) થી મોટા વરાછા (રૂટ નં. ૧૦૩) વાયા લંબે હનુમાન રોડ, DGVCL ઉર્જા સદન, ઉત્રાણ પાવરહાઉસ, મોટા વરાછા પમ્પીંગ સ્ટેશન, મોટા વરાછા વોર્ડ ઓફીસ થઈ સીવેજ પમ્પીંગ મોટા વરાછા સુધીનાં વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. સદરહુ રૂટ નં.૧૦૩ માં કુલ ૭ બસ ૧૫ મિનીટની ફ્રિકવન્સીથી કાર્યરત કરવામાં આવશે. આ રૂટ શરૂ કરવાથી રૂટમાં આવનાર વિસ્તારના લોકોને તેમજ મોટા વરાછા ગામના રહેવાસીઓને રેલ્વે સ્ટેશન સુધી સીટી બસ સેવાનો લાભ મળશે.

બીજો રૂટ ખરવરનગર થી ઉન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (રૂટ નં.૩૦૫) વાયા SMC સાઉથ ઝોન, SMC કોમ્યુનીટી હોલ, વડોદ ગામ, ભેસ્તાન ગાર્ડન, અને ઉન નાકા BRTS સુધીના વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. સદરહુ રૂટ નં. ૩૦૫ માં કુલ ૯ બસ ૧૦ મિનીટની ફ્રિકવન્સીથી કાર્યરત કરવામાં આવશે. આ રૂટ શરૂ કરવાથી રૂટમાં આવનાર વિસ્તારના લોકોને સીટી બસ સેવાનો લાભ મળશે.

આ બંને રૂટ તા. ૧૧/૦૧/૨૦૧૯ નાં રોજથી શરૂ કરવામાં આવનાર હોય જાહેર જનતાને સદરહુ બંને રૂટની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

૬૭૫

# –:: પ્રેસનોટ ::–

**તા.૧૦/૧/૨૦૧૯ નાં રોજ**નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ ધ્વારા પતંગ અને દોરાના વિક્રેતાઓને ત્યાં ઝુંબેશ સ્વરૂપે ચકાસણી કરાવી પતંગની દોરી કે જે નાયલોન અથવા અન્ય સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયોડિગ્રેડેબલ બનેલ હોય તે દોરા નું વેચાણ કરતા મળેલ જથ્થાની વિગ્ત તથા તેઓ પાસેથી વસુલ કરવામાં આવેલ દંડની માહિતી

| ઝોન | તા.૧૦/૧/૧૯ નાં રોજ સર્વે કરેલ પતંગ દોરાના વિક્રેતાની સંખ્યા | મળી આવેલ દોરી કે જે નાયલોન અથવા અન્ય સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયોડિગ્રેડેબલ બનેલ હોય તે દોરાનાં જથ્થાની વિગત | ગંદકી કરવા વસુલ કરવામાં દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|
| સેન્ટ્રલ | ૭૫ | ૦૦ | ૭૨૦૦ |
| વરાછા | ૨૮ | ૫ બોબીન | ૭૬૦૦ |
| રાંદેર | ૮૪ | ૦૦ | ૩૧૦૦ |
| કતારગામ | ૫૨ | ૦૦ | ૭૪૦૦ |
| ઉધના | ૩૪ | ૩ બોબીન | ૧૦૦૦ |
| લિંબાયત | ૪૮ | ૦૦ | ૦૦ |
| અઠવા | ૩૧ | ૦૦ | ૫૨૦૦ |
| કુલ | ૩૫૨ | ૮ બોબીન | ૩૧૫૦૦ |



**પ્રેસનોટ**
**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબનું મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨ (સગરામપુરા), નોંધ નં.૧૯૬૦/૩/અ/૧૪/(૧+૩),માલી ફળિયા,સગરામપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૧/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પ્રથમથી પાંચમા માળે માર્જીન + ઓ.ટી.એસ.માં કવર્ડ કરેલ ગેરકાયદેસર બાંધકામ આશરે ૨૦૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા ૫૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૫૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૩ (સલાબતપુરા), નોંધ નં.૭૯૧,૭૯૨,૭૯૩/બ, નવાપુરા, કરવા રોડ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૧/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે કરેલ ગેરકાયદેસર બાંધકામ આશરે ૮૩૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૯૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

૬૭૭

## પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૦/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા વરાછા ઝોન અને કતારગામ ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી કુલ ૩ સંસ્થાઓમાં આરોગ્યલક્ષી ખામી જણાતાં નોટીસ આપવામાં આવેલ તેમજ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૨૦ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે, તેમજ આશરે ૨૦ લિટર પાણીપુરીનું પાણી અને ચટણીનો નાાશ કરવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | ક્રિષ્ણા આલુપુરી | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | જય અંબે વડાંપાંવ | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | સાંઈનાથ મસાલાપાંવ | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | ગોંડલ કચ્છી / સેન્ડવીચ | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | ક્રિષ્ના સોડા | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૬. | અમુલ ઘુંઘરા | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | દિલખુશ ડબલ રોટીવાલા | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૮. | ચામુંડા રેસ્ટોરન્ટ | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૯. | અક્ષર વડાંપાંવ / પકોડા | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૦. | અમ્રકુંજ હોટ / કોલ્ડ | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૧. | ગણેશ રેસ્ટોરન્ટ | હીરાબાગ સર્કલ, વરાછા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૨. | ક્રિષ્ના ફાસ્ટફુડ | બહુચરનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૩. | મયુર ભજીયા | બહુચરનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૪. | બાલાજી ચાઈનીઝ | બહુચરનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૫. | શ્રી સાંઈ નાસ્તા સેન્ટર | બહુચરનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | શ્રીજી લોચો | લક્ષ્મીનગર, કતારગામ, સુરત. | નોટીસ આપવામાં આવેલ છે. |
| ૧૭. | હનુમંતભાઈ બેસ્ટ પાણીપુરી(લારી) | લક્ષ્મીનગર, કતારગામ, સુરત. | નોટીસ આપવામાં આવેલ છે. |
| ૧૮. | મિલન દાબેલી એન્ડ વડાંપાંવ | લક્ષ્મીનગર, કતારગામ, સુરત. | નોટીસ આપવામાં આવેલ છે. |
| ૧૯. | મહાકાળી બેકરી એન્ડ નમકીન | સંતોષીનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૦. | અંબિકા જનરલ સ્ટોર | સંતોષીનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૧. | માધુરી બેસ્ટ પાણીપુરી | લક્ષ્મીનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૨. | આંઈશ્રી મંગલ ફરસાણ એન્ડ બેકરી | સંતોષીનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૩. | આરાધના કિરાણા સ્ટોર | સંતોષીનગર, કતારગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |

૬૭૮

# **<u>પ્રેસનોટ</u>**

# સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઈસ્ટઝોન, સુરત શહેર ખાતે વિશેષ જન સંપર્ક કાર્યક્રમ યોજાયો :–

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયને આધીન ફીલ્ડ આઉટરીચ બ્યુરો, સુરત દ્વારા પૂર્વઝોન(વરાછા) ખાતે તા. ૧૦/૦૧/૨૦૧૯ ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૩૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન વિશેષ જનસંપર્ક કાર્યક્રમ વલ્લભાચાર્ય કોમ્યુનીટી હોલ, અશ્વનીકુમાર, સુરત ખાતે યોજવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત પી.પી. સવાણી વિદ્યાભવન, હીરાબાગના વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર સાથે સ્વચ્છતા જાગૃતિ રેલીના માધ્યમથી કરી. કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાના સહયોગથી યોજવામાં આવ્યો. સદર કાર્યક્રમમાં ઈસ્ટઝોન–એ, સુરત મહાનગરપાલિકાના ઝોનલચીફ શ્રી જતીનભાઈ દેસાઈ, વરાછા વિસ્તારના કોર્પોરેટર શ્રી ભાવેશભાઈ ભુંગળીયા ઉપસ્થિત રહેલ. કાર્યક્રમમાં મુખ્ય વકતા શ્રી ડો. એ.પી. ભટ્ટે સૂકો અને ભીના કચરાનું પૃથકકરણ, કચરાનું રીસાઈકલીંગ તેમજ કચરા પેટીનો ઉપયોગ બાબતે તેમજ ડો. કિંજલકુમાર પટેલે સ્વચ્છ સુરત બાબતે તેમજ મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એલ.જી.વસાવા એ ભીના કચરાના ઉપયોગ તથા ખાતરનું નિર્માણ બાબત તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એસ.એમ.કાવીવાલાએ કચરાના નિકાલ બાબતે માહિતી/ સમજ આપી. તમામ વકતાઓએ સુરત શહેરને સ્વચ્છ બનાવવા પર ભાર મૂકી સ્વચ્છ ભારત અભિયાન ને સફળ બનાવવા અનુરોધ કર્યો. કાર્યક્રમમાં ફીલ્ડ આઉટરીચબ્યૂરો, સુરત દ્વારા સ્વચ્છતા વિષય પર ખુલ્લો પ્રશ્ન મંચ સ્પર્ધાનું આયોજન કરી વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા. વિશેષ જન સંપર્ક કાર્યક્રમમાં પ્રાદેશિક લોક સંપર્ક કાર્યાલય, અમદાવાદના રજીસ્ટર કલાકારોએ નાટીકાનું મંચન કરી સ્વચ્છતા પ્રત્યે આહવાન કર્યુ.

૬૭૯

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો વિનર શો''

### વિષય : સુ.મ.પા.આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો વિનર શો બાબત.

સુરત શહેરના નવોદિત કલાકારોને પ્લેટફોર્મ મળે અને શહેરના નગરજનોને નવા નાટકો માણવા મળે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા સને ૧૯૬૯ વર્ષથી પ્રતિવર્ષ યોજવામાં આવતી આ નાટ્ય સ્પર્ધાને સુરતને ગૌરવ અપાવનારા રંગમંચના મહાન અદાકાર સ્વ.સંજીવકુમારની સ્મૃતિમાં ''સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા'' નામ આપી તા.૨૫/૦૯/૨૦૧૮ થી તા.૦૬/૧૦/૨૦૧૮ દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોનો વિનર શો યોજવા નક્કી કરવામાં આવેલ છે.

:: સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા**ના વિજેતા નાટકો** ::

| વિજેતાક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ | સંચાલક નામ | દિગ્દર્શકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ | વૈભવ દેસાઈ | ડૉ.રઈસ મનીઆર |
| દ્વિતીય | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી |
| તૃતીય | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | ચેતન સી.કણિયા | પંકજ પાઠકજી | વિલોપન દેસાઈ |
| ચતુર્થ | પરમ | મનુ દામજી | ડૉ.પદ્મેશ પંડિત | ડૉ.પદ્મેશ પંડિત | ડૉ.પદ્મેશ પંડિત |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં દ્વિતીય વિજેતા જાહેર થયેલ નાટક ''એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ''ના આર્ટીઝમ થિયેટરના સંચાલકશ્રી ગિરીશ સોલંકીને પરિણામ સ્વીકાર્ય ન હોય, વિનર શોમાં પરફોર્મ નહિં કરવાની રજુઆત ધ્યાને લઈ, તા.૧૬/૦૧/૨૦૧૯ થી તા.૧૮/૦૧/૨૦૧૯ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે નાટ્ય સ્પર્ધામાં ચતુર્થ, તૃતીય અને પ્રથમ ક્રમે વિજેતા થયેલ નાટકોનો વિનર શો યોજવામાં આવનાર છે.

:: સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા**નો વિનર શો** કાર્યક્રમ ::

| તારીખ/વાર | વિજેતાક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ | સંચાલક નામ | દિગ્દર્શકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧૬/૦૧/૨૦૧૯ બુધવાર | ચતુર્થ | પરમ | મનુ દામજી | ડૉ.પદ્મેશ પંડિત | ડૉ.પદ્મેશ પંડિત | ડૉ.પદ્મેશ પંડિત |
| ૧૭/૦૧/૨૦૧૯ ગુરૂવાર | તૃતીય | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | ચેતન સી.કણિયા | પંકજ પાઠકજી | વિલોપન દેસાઈ |
| ૧૮/૦૧/૨૦૧૯ શુક્રવાર | પ્રથમ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ | વૈભવ દેસાઈ | ડૉ.રઈસ મનીઆર |

આ વિનર શો વિનામૂલ્યે અને પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થનાર આ વિજેતા નાટકોને માણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં અને મોડા આવનારે પ્રવેશ તથા બેઠકનો આગ્રહ રાખવો નહિં.પ્રવેશ પાસ ગાંધી સ્મૃતિ ભવન ખાતેથી જે તે નાટકના દિવસે સાંજે ૭.૩૦ થી ૯.૦૦ દરમ્યાન મળી શકશે. રાત્રે ૯.૦૦ કલાકે અથવા હાઉસફુલ થયે ગાંધી સ્મૃતિ ભવનના પ્રવેશ દ્વાર બંધ થશે. ત્યારબાદ પાસ હશે તો પણ પ્રવેશ અપાશે નહીં.



**<u>પ્રેસ નોટ</u>**

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર તથા ડે.કમિશ્નરશ્રીની સુચના અનુસાર સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા અડાજણ વોર્ડ નં.૧૭બીમાં વેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૨૪ મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરતા કુલ ૧૨ મિલ્કતદાર ધ્વારા રૂા.૧૩,૪૩,૭૨૦/– મિલ્કત દાર ધ્વારા સ્થળ પર જ વસુલ લેવામાં આવેલ છે. તેમજ ૮ મિલ્કતનાં માલિકો ધ્વારા રૂા.૨૭,૧૯,૫૦૦/– નાં એડવાન્સ ચેક વસુલ લેવામાં આવેલ છે. ઉપરાંત ૪ જેટલી મિલ્કતોનો વેરો ભરપાઈ ન કરતાં મિલ્કતોને સીલ કરવામાં આવેલ છે.

રાંદેર ઝોનનાં આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા આવનાર દિવસોમાં વેરા વસુલાત બાબતે વધુ કડક કાર્યવાહી કરનાર છે. જેમાં મિલ્કતોનાં નળ જોડાણ કાપવા તથા ખુલ્લા પ્લોટો ટાંચમાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જેથી જે મિલ્કતદારોનો વેરો બાકી હોય તે બાકીદારોએ તેઓનાં બાકી પડતા મિલ્કતનાં વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

# :: પ્રેસનોટ ::

વિષય : સ્વામી વિવેકાનંદની ૧૫૬મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૯ના રોજ યોજાયેલ સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમ.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૨/૦૧/૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે મકકાઈ પુલ, સુરત ખાતે સ્વામી વિવેકાનંદજીને સુતરાંજલિ અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ૧૨ જાન્યુઆરીની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદએ આપેલ સૂત્રોને રજૂ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે આવ્યા બાદ સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા,નગર પ્રાથમીક શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓએ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને શહેરીજનોએ તત્વ–સત્વદર્શી, તપોમૂર્તિ  અને તેજોમય વકતૃત્વતા ધરાવતા સ્વામી વિવેકાનંદજીને પુષ્પો અર્પણ કરી વંદના કરી હતી.






## :: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વેશભૂષા અને ચિત્રકામ સ્પર્ધા"

વિષય : ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ ચિત્રકામ અને વેશભૂષા સ્પર્ધાનું પરિણામ

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૧/૦૧/૨૦૧૯ને શુક્રવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ધો.૫ થી ૮ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન સવારે ૧૧.૦૦ કલાકે અને ધો.૧ થી ૪ની વેશભૂષા સ્પર્ધાનું આયોજન બપોરે ૧.૦૦ કલાકે ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ચોસઠ જોગણીમાતાના મંદિર પાસે, નવજીવન હુન્ડાઈ રોડ, ખટોદરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. તા.૧૧/૦૯/૨૦૧૯ના રોજ સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રગટાવી ચિત્રકામ સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. ઉધના ઝોન વિસ્તારમાં આવેલ શાળાના ધો.૫ થી ૮ ના ૧૨૫થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ચિત્રો દોર્યા હતા. જ્યારે ધો.૧ થી ૪ના ૩૨ બાળકોએ વેશભુષામાં ભાગ લઈ પરફોર્મન્સ કર્યું હતું. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| ચિત્રકામ સ્પર્ધા | | |
|---|---|---|
| **વિજેતા** | **નામ** | **શાળાનું નામ** |
| **પ્રથમ** | માતાવાલા વંશિકા અમિતકુમાર | સમિતિ ગુજરાતી મીડીયમ |
| **દ્વિતીય** | દલાલ અંજલિ સુનિલ | સનગ્રેસ વિદ્યાલય |
| **તૃતીય** | ટેલર દિશાન્ત પંકજભાઈ | સમિતિ ગુજરાતી મીડીયમ |

| વેશભુષા હરિફાઈ | | | |
|---|---|---|---|
| **વિજેતા** | **નામ** | **શાળાનું નામ** | **પાત્ર** |
| **પ્રથમ** | કટીયારે રોમા સી. | શહીદ વિનોદ કિનારીવાલા ન.પ્રા.શા.નં. ૨૦૯ | રાણી લક્ષ્મીબાઈ |
| **દ્વિતીય** | પખાલે દિયા એ. | લિટલ સ્ટાર હાઈસ્કુલ | પોલીબેગ |
| **તૃતીય** | ચૌધરી જીજ્ઞાસા અનિલભાઈ | સનફ્લાવર ઈંગ્લિશ સ્કુલ | ભારતમાતા |

સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોને તા.૨૬/૦૧/૨૦૧૯ના રોજ સાઉથ ઝોન (ઉધના) : સુમન શાળા નં.૧ની બાજુમાં, વિજયાનગર સ્ટેડિયમ, ઉધના, સુરત ખાતે યોજાનાર ધ્વજવંદન બાદ સન્માન સમારોહ કાર્યક્રમમાં મા.મેયરશ્રીના વરદહસ્તે સન્માનિત કરવામાં આવશે. વિજેતાઓને ઉપરોક્ત ધ્વજવંદન સ્થળે સવારે ૮.૩૦ કલાકે સમયસર ઉપસ્થિત રહેવા માટે નોંધ લેવી.

સમાચારયાદી નં. 682 , તા.૧૫/૦૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

26 JAN-19 UDHNA ZONE





# પ્રેસનોટ

## વેરા વસુલાતમાં લિંબાયત ઝોને બોલાવેલો સપાટો

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.કમિશ્નર(ડી.)સાહેબશ્રીની સુચના અને મે.આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૧૬/૦૧/૨૦૧૯ ના રોજ રીંગરોડ માર્કેટ એરીયામાં આવેલ અભિનંદન માર્કેટ, અભિષેક માર્કેટ, ગુડલક માર્કેટ, જય રાધે માર્કેટ, જે.ડી. માર્કેટ, રાધે માર્કેટ, ન્યુ લક્ષ્મી માર્કેટ, એમ. જી. માર્કેટ, મિલેનીયમ માર્કેટ વિગેરે માર્કેટોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં **૫૯** જેટલી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ **રૂા. ૮,૭૨,૪૫૦/–** થી વધુની રકમની વસુલાત કરી દીધેલ છે. વધુમાં લિંબાયત નારાયણ નગર વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ ઓપન પ્લોટ વાળી જગ્યા ટાંચમાં લેવાના બોર્ડ મારતા સ્થળ ઉપર **રૂા.૧,૯૫,૬૫૫/–** થી વધુ રકમની વેરા વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં, તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર
તા. ૧૬/૦૧/૨૦૧૯

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૬/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કતારગામ ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી કુલ ૧ સંસ્થામાં આરોગ્યલક્ષી ખામી જણાતાં નોટીસ આપવામાં આવેલ તેમજ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૮ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | શ્રી ખોડલ કુંભાણીયા ભજીયા | દરગાહ મહોલ્લો, સિધ્ધી વિનાયક રેસી., સિંગણપોરગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | શ્રી જી સુપર સ્ટોર | સિધ્ધી વિનાયક રેસી.ની બાજુમાં, સિંગણપોરગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | કોકટેલ સોડા શોપ | શીવાન એવન્યુ, ડભોલી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | નેચરલ યોગી કોઠી આઈસક્રીમ | શીવાન એવન્યુ, ડભોલી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | ચામુંડા ડેરી એન્ડ બેકરી | શીવાન એવન્યુ, ડભોલી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૬. | ન્યુ બાલાજી બેકરી | રામદેવ કોમ્પલેક્ષ, કતાગામ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | રામદેવ કરીયાણા સ્ટોર્સ | ગોપાલનગર, ડભોલી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૮. | અમૃતમ સુપર સ્ટોર | યોગીનગર, ડભોલી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૯. | ભગવતી ગાંઠીયા | સિધ્ધી વિનાયક રેસી.ની બાજુમાં, સિંગણપોરગામ, સુરત. | નોટીસ આપવામાં આવેલ છે. |

# —:: પ્રેસનોટ ::—

તા.૧૭–૦૧–૨૦૧૯નાં રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુક્ત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમ. તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કચ્ચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૮ | ૧૭ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| વરાછા | ૪૪ | ૪૨ | ૪૩ | ૩૯ | ૭૮૦૦ |
| રાંદેર | ૬૨ | ૪૭ | ૨૮ | ૧૯ | ૩૮૦૦ |
| કતારગામ | ૫૬ | ૭૬ | ૪૯ | ૨૪ | ૪૮૦૦ |
| ઉધના | ૫૧ | ૧૨ | ૨૮ | ૧૨ | ૨૪૦૦ |
| લિંબાયત | ૩૬ | ૪૯ | ૧૫ | ૧૫ | ૩૦૦૦ |
| અઠવા | ૮૮ | ૩૬ | ૨૧ | ૨૧ | ૪૨૦૦ |
| કુલ | ૩૬૫ | ૨૭૯ | ૨૦૧ | ૧૪૭ | ૨૯૪૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરસેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૮૫
તા.૧૭–૦૧–૨૦૧૯

:: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો વિનર શો"

વિષય : સુ.મ.પા.આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો વિનર શો બાબત.

સુરત શહેરના નવોદિત કલાકારોને પ્લેટફોર્મ મળે અને શહેરના નગરજનોને નવા નાટકો માણવા મળે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા સને ૧૯૬૯ વર્ષથી પ્રતિવર્ષ યોજવામાં આવતી આ નાટ્ય સ્પર્ધાને સુરતને ગૌરવ અપાવનારા રંગમંચના મહાન અદાકાર સ્વ.સંજીવકુમારની સ્મૃતિમાં "સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા" નામ આપી તા.૨૫/૦૯/૨૦૧૮ થી તા.૦૬/૧૦/૨૦૧૮ દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ નાટકોના વિનર શોનું આયોજન તા.૧૬/૦૧/૨૦૧૯ થી તા.૧૮/૦૧/૨૦૧૯ દરમ્યાન ગાંધી સ્મૃતિભવન, નાનપુરા, ટીમલીયાવડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

આ નાટ્ય સ્પર્ધાના વિનર શોનો શુભારંભ તા.૧૬/૦૧/૨૦૧૯ના રોજ રાત્રે ૯.૧૫ કલાકે મા.મેયરશ્રી ડો.જગદીશભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. માન.મેયરશ્રી ડો. જગદીશ પટેલએ પ્રસંગોચિત્ત ઉદબોધનમાં કહ્યું હતું કે, ભારતમાં સુરત મહાનગરપાલિકા જ એક એવી મહાનગરપાલિકા છે જે ૪૬ વર્ષથી આ ત્રિઅંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરે છે. સુરત શહેર અનેક ક્ષત્રોમાં દેશભરમાં વિશ્વ સ્તરે યશસ્વી બની રહ્યું છે. સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ સાથે કળા અને સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ પ્રવૃતિઓ તબક્કાવાર કરતી રહી છે. આથી શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ સાથે મનોરંજન આપવાની સુંદર તક પુરી પાડે છે. વિનર શોના પ્રથમ દિવસે પરમ નાટ્ય સંસ્થાનું ડૉ.પદ્મેશ પંડિત લિખિત–દિગ્દર્શિત પિતાના ખૂનનો આરોપ પૂત્ર પર મુકાતાં ગર્ભિત શકિતઓને શોધી ન્યાય આપવાની વાર્તા રજુ કરતું "મનુ દામજી" નાટક ભજવાયું હતું. જેને શહેરના નાટ્ય રસિક નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી નાટક માંણ્યો હતો.

આ નાટ્ય સ્પર્ધાના વિનર શોમાં હવે પછી રજુ થનાર નાટકોની વિગત નીચે મુજબ છે.

:: સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો વિનર શો કાર્યક્રમ ::

| તારીખ/વાર | વિજેતાક્રમ | સંસ્થાનું નામ | નાટકનું નામ | સંચાલક નામ | દિગ્દર્શકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧૭/૦૧/૨૦૧૯ ગુરૂવાર | તૃતીય | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | ચેતન સી.કણિયા | પંકજ પાઠકજી | વિલોપન દેસાઈ |
| ૧૮/૦૧/૨૦૧૯ શુક્રવાર | પ્રથમ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ | વૈભવ દેસાઈ | ડૉ.રઈસ મનીઆર |

આ વિનર શો વિનામૂલ્યે અને પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થનાર આ વિજેતા નાટકોને માણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં અને મોડા આવનારે પ્રવેશ તથા બેઠકનો આગ્રહ રાખવો નહિં. પ્રવેશ પાસ ગાંધી સ્મૃતિ ભવન ખાતેથી જે તે નાટકના દિવસે સાંજે ૭.૩૦ થી ૯.૦૦ દરમ્યાન મળી શકશે. રાત્રે ૯.૦૦ કલાકે અથવા હાઉસફુલ થયે ગાંધી સ્મૃતિ ભવનના પ્રવેશ દ્વાર બંધ થશે. ત્યારબાદ પાસ હશે તો પણ પ્રવેશ અપાશે નહી.

સમાચારયાદી નં. 6 8 6 –, તા.૧૭/૦૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


સ્થળ : ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત.



# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાનાં આકારણી અને વસૂલાત વિભાગ તથા વ્યવસાય વેરા વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા બાકી મ્યુનિસિપલ વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૧૦/૦૧/૨૦૧૯ થી તા.૧૬/૦૧/૨૦૧૯ દરમિયાન હાથ ધરતાં બાકી મિલ્કતદારો પૈકી વોર્ડ નં–૧ થી વોર્ડ નં.૧૨ માં આવેલ વિસ્તારો નાનપુરા મેઈન રોડ, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, હરીપુરા, મહિધરપુરા, સ્ટેશન રોડ, સૈયદપુરા, નાણાવટ, શાહપોર માંઆવેલ ૧૫ મિલ્કતોને સીલ કરવામાં આવેલ તેમજ સદર વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂ.૫૬,૪૦,૪૬૫/– તથા વોટર મીટર પેટે રૂ.૧,૩૦,૩૦૧/– તથા વ્યવસાય વેરા વિભાગ દ્વારા રૂ.૧૭,૯૦,૧૦૦/– નો EC/RC વ્યવસાય વેરો વસુલ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ–વેસ્ટ(અઠવા)
# અખબારી યાદી

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮–૧૯ના મ્યુનિસિપલ મિલકતવેરાની ઘનિષ્ઠ વસુલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે પાર્લે પોઈન્ટ, ઘોડદોડ રોડ, ઉધના મગદલ્લા રોડ, અલથાણ તથા રૂઢમાં આવેલ પ્રાઈમ શોપર વિસ્તારમાં છેલ્લા બે દિવસમાં કુલ ૮૫ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે, અને સ્થળ પર રૂા.૨૧,૪૬,૦૦૦/– (અંકે રૂપિયા એકવીસ લાખ છેતાલીસ હજાર પુરા)જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૮મો રાષ્ટ્રીય પુસ્તક મેળો''

**વિષય :** **સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાનાર સ્પર્ધા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા ''૧૮મો રાષ્ટ્રીય પુસ્તક મેળા''નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં તા.૨૪/૦૧/૨૦૧૯ના રોજ બપોરે ૩.૦૦ કલાકે માધ્યમિક, કોલેજ અને ખુલ્લા વિભાગની બુક રીવ્યુ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 279) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૨૨/૦૧/૨૦૧૯ સુધી પરત કરવાના રહેશે. આ સ્પર્ધાનું ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

# પ્રેસનોટ

## માર્કેટ વિસ્તારમાં લિંબાયત ઝોનમાં અવિરત ચાલુ રહેલી વેરા વસુલાત ઝુંબેશ

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.કમિશ્નર(ડી.)સાહેબશ્રીની સુચના અને મે.આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૧૮/૦૧/૨૦૧૯ ના રોજ રીંગરોડ માર્કેટ એરીયામાં આવેલ અભિનંદન માર્કેટ, અભિષેક માર્કેટ, ગુડલક માર્કેટ, જય રાધે માર્કેટ, જે.ડી. માર્કેટ, રાધે માર્કેટ, ન્યુ લક્ષ્મી માર્કેટ, એમ. જી. માર્કેટ, મિલેનીયમ માર્કેટ વિગેરે માર્કેટોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં ૮ જેટલી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ **રૂા. ૮,૩૫,૬૨૫/–** થી વધુની રકમની વસુલાત કરી દીધેલ છે.

વધુમાં, તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૮/૦૧/૨૦૧૯ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), ઉમરવાડા (ચીમની ટેકરા) પર આવેલ અનઅધિકૃત ટ્રાન્સપોર્ટ ગોડાઉનને સીલ મારવાની કામગીરીની વિગત.**

સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૮/૦૧/૨૦૧૯ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા) ઉમરવાડા (ચીમની ટેકરા) પર આવેલ અનઅધિકૃત ટ્રાન્સપોર્ટ ગોડાઉનને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ કુલ–૨૭ જેટલા ગોડાઉનને સીલ કરવામાં આવેલ છે. સદર કામગીરી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન, સુરત મહાનગરપાલિકાના સીકયોરીટી સ્ટાફ, શહેર વિકાસ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના મે.ડે.કમિશ્નરશ્રી(ડી) ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

ધી મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) ધ્વારા CITIIS Challenge સ્પર્ધા રાખવામાં આવેલ છે. CITIIS Challenge અંતર્ગત ૧૦૦ સ્માર્ટ સીટીઝમાંથી જુદા જુદા ચાર સેક્ટર (૧) Public Open Space (2) Sustainable Mobility (3) Urban E-Governance and ICT અને (4) Social and Organizational Innovation in Lower income settlementsના સ્પેશીયલ પ્રોજેકટોની પ્રપોઝલ મંગાવવામાં આવેલ હતી.

જેમાં સીલેકટ થનાર પ્રોજેકટોને AGENCE FRANCAISE DE DEVELOPMENT સંસ્થા ધ્વારા અંદાજે ૫૦ થી ૮૦ % ફંડ ગ્રાંટ માટે ફાળવવામાં આવનાર છે. ભારતભરમાંથી ૧૦૦ સ્માર્ટ સીટીમાંથી ૬૭ પ્રોજેકટોની પ્રપોઝલ ધી મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સને મળેલ હતી. જેમાં સુરત સ્માર્ટ સીટી ધ્વારા ચારેય કેટેગરીમાં નોમીનેશન કરેલ હતા.

આમ, MoHUAને મળેલ કુલ ૬૭ પ્રોજેકટો પૈકી ૨૬ પ્રોજેકટોને બીજા રાઉન્ડ માટે સિલેકટ કરવામાં આવેલ અને પ્રેઝન્ટેશન માટે આગામી ૨૧ અને ૨૨ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ NIUA Delhi ખાતે બોલાવવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકા / સુરત સ્માર્ટ સીટી ધ્વારા રજુ થયેલ ચાર પ્રોજેકટો પૈકી નીચે જણાવેલ ત્રણ પ્રોજેકટો પ્રેઝનટેશન માટે શોર્ટલીસ્ટ થયેલ છે. સુરત મહાનગરપાલિકા / સુરત સ્માર્ટ સીટી ધ્વારા આગામી તા.૨૧ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ પ્રેઝનટેશન કરવામાં આવશે. બીજા રાઉન્ડમાં સીલેકટ થનાર ઈનોવેટીવ પ્રોજેકટોને ખાસ ફંડ ફાળવવામાં આવનાર છે.

| Sr.No. | Project Details | Sector |
|---|---|---|
| 1 | Creating 'Wild valley Bio-Diversity Park' as City Lungs by Rejuvenation of existing wasteland along the Creek | Public Open Space |
| 2 | Green Mobility through last mile connectivity and augmentation of existing public mass transit system of Surat city | Sustainable Mobility |
| 3 | Creation of Digitally Inclusive Urban Space | Urban E-governance and ICT |